Vadpada

જોડાણ-૧

ગ્રામ પંચાયત કક્ષાએ જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના અંગેના

ઠરાવનો નમૂનો

ઠરાવ નં. 7 તા. 30/5/13

ગ્રામ પંચાયતનું નામ વડપાડા તાલુકો ડેડીયાપાડા જિલ્લો નર્મદા

---

સરપંચ શ્રી ગુલાબસિંગ રૂપજીભાઈ વસાવા ના અધ્યક્ષ સ્થાને અને .......... સભ્યોની/બધા સભ્યો ની સંમતિથી દિનાંક 30/5/13 ના રોજ સવારે/બપોર પછી 11-0 વાગ્યે ગ્રામ પંચાયતની કચેરીમાં ગ્રામ પંચાયતની બેઠક મળી હતી, અને બધા સભ્યોની સંમતિથી ત્રણ/પાંચ વર્ષની મુદત માટે જૈવિક વિવિધતા અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૪૧(૧) અને જૈવિક વિવિધતા નિયમો, ૨૦૦૪ના નિયમ ૨૨ અને ગુજરાત જૈવિક વિવિધતા નિયમો ૨૦૧૦ ની જોગવાઇઓ અનુસાર જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિની રચના નીચે મુજબ કરવા ઠરાવવામાં આવે છે :

સમિતિના સભ્યોની વિગતો

| ક્રમ નં. | પુરૂં નામ અને સરનામું | ઉંમર | હોદ્દો | સહી |
|---|---|---|---|---|
| ૧. | વસાવા ગુલાબસિંગભાઈ રૂપજીભાઈ | ૪૭ | અધ્યક્ષ | [signature] |
| ૨. | વસાવા મીનાબેન ભાસ્કરભાઈ | ૪૦ | સ્ત્રી સભ્ય | [signature] |
| ૩. | વસાવા રમીલાબેન જ્યોતિભાઈ | ૩૬ | સ્ત્રી સભ્ય | [signature] |
| ૪. | વસાવા તુલસીભાઈ બાબરભાઈ | ૪૬ | અનુ.જાતિ/અનુ.જન જાતિ. સભ્ય | તુલસી બાબર |
| ૫. | વસાવા ગોવિંદભાઈ દિવલીયાભાઈ | ૪૪ | સભ્ય | [signature] વસાવા |
| ૬. | વસાવા જેઠીયાભાઈ સુરીયાભાઈ | ૪૭ | સભ્ય | [signature]-વસાવા |
| ૭. | વસાવા મગનભાઈ કોરજીયાભાઈ | ૪૦ | મંત્રી | [signature] |

જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ નીચેના કાર્યો માટે જવાબદાર રહેશે :

૧. પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ તમામ જૈવિક સંસાધનોના સંરક્ષણ અને સાતત્યપૂર્ણ ઉપયોગ.

૨. પોતાના કાર્યક્ષેત્રમાંથી જૈવિક સંસાધનોના ગેરકાયદે એકત્રીકરણ અટકાવવો.

૩. જ્યારે જરૂર પડે ત્યારે વિવિધ વિષયો અંગે રાષ્ટ્રીય જૈવ વિવિધતા સત્તા મંડળ, ચેન્નાઇ અને ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ, ગાંધીનગરને અભિપ્રાય આપવા.

૪. અધિનિયમની જોગવાઇઓ મુજબ પોતાના કાર્યક્ષેત્રમાં રહીને વાણિજ્યિક હેતુઓ માટે જૈવિક સંસાધનો એકત્ર કરવા માટે ફી વસુલ કરવી.

૫. જૈવિક સંસાધનો ઉપયોગ કરતા સ્થાનિક વૈદ્યો અને ઉપયોગ કરનારાઓ અંગેની માહિતી નિભાવવી.

૬. પરંપરાગત જ્ઞાન તથા જૈવિક સંસાધનોનાં વપરાશ કરવા અંગે આપવામાં આવેલ પરવાનગી, લાગુ પાડવામાં (imposed) આવેલ એકત્રીકરણ ફી અને મેળવવામાં આવેલ લાભો તથા તેની વહેંચણીની પ્રકીયા અંગેની વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૭. જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ જૈવ વિવિધતા અને સંલગ્ન પરંપરાગત જ્ઞાનના દસ્તાવેજીકરણમાં પણ સંકળાયેલી રહેશે.

૮. રાષ્ટ્રીય જૈવ વિવિધતા સત્તા મંડળ તથા ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ તરફથી વખતો વખત પુરી પાડેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જૈવ વિવિધતા ભંડોળનો ઉપયોગ તથા વ્યવસ્થાપન કરવાનું રહેશે.

| | |
|---|---|
| ગ્રામ પંચાયતના સરપંચ<br>અને ગોળ સિક્કો | ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી<br>અને સિક્કો |